VMCના કરોડોના પ્રોજેક્ટમાં અંધેર નગરી જેવો ઘાટ

# કાંસની અંદર જ પાણી અને ડ્રેનેજ લાઈનો

**ગણેશનગરમાં** જીવલેણ રોગચાળાની સાથે ચોમાસામાં જળબંબોળ થવાનો ગંભીર ખતરો





( પ્રતિનિધિ ) વડોદરા,તા.13

વડોદરા મહાનગરપાલિકાના ઈજનેરી વિભાગની એક ખૂબ જ ગંભીર બેદરકારી અને અણઘડ આયોજનનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જેને પગલે સમગ્ર શહેરમાં ભારે ચર્ચા જાગી છે. શહેરના ગણેશનગર વિસ્તારમાં કરોડો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલી મુખ્ય વરસાદી કાંસની અંદર જ પીવાના પાણીની ફીડર લાઈન, સ્થાનિક પાણી પુરવઠાની લાઈન તેમજ ડ્રેનેજની મુખ્ય લાઈન પસાર કરી દેવામાં આવી હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. સામાજિક કાર્યકર્તા દ્વારા આ સમગ્ર પ્રોજેક્ટની પોલ ખુલ્લી પાડવામાં આવી હતી. સ્થળ નિરીક્ષણ દરમિયાન કાંસની અંદર આ તમામ મહત્વપૂર્ણ લાઈનો એકસાથે પસાર થતી હોવાના દ્રશ્યો સામે આવ્યા હતા, જે તંત્રની કામગીરી સામે મોટા સવાલો ઊભા કરે છે. આ અણઘડ આયોજનને કારણે ભવિષ્યમાં મોટી હોનારત સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. જો આગામી સમયમાં ડ્રેનેજ લાઈનમાં કોઈ પણ પ્રકારનું લીકેજ થશે, તો દૂષિત પાણી સીધું જ પીવાના પાણીની લાઈનમાં ભળી જશે. આ સ્થિતિ ગણેશનગરના હજારો નાગરિકોના આરોગ્યને જોખમમાં મૂકી શકે છે અને વિસ્તારમાં જીવલેણ રોગચાળો ફાટી નીકળવાનો ગંભીર ખતરો પેદા થઈ ગયો છે. બીજી તરફ, ચોમાસું નજીક છે ત્યારે વરસાદી કાંસની અંદર આ પ્રકારે પાઈપલાઈનો નાખવાના કારણે તેમાં કચરો અને ગાદ જમા થઈ જશે. જેના લીધે કાંસ ચોક-અપ થઈ જવાની અને ચોમાસા દરમિયાન ગણેશનગર સહિતના આસપાસના વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ સર્જાવાની પૂરેપૂરી આશંકા છે. આ મામલે તંત્ર પર આકરા પ્રહારો કરતા વિપક્ષના સ્થાનિક કાઉન્સિલરે VMC વિરુદ્ધ મોરચો માંડ્યો છે. તેમણે નાગરિકોના આરોગ્ય અને સુરક્ષા સાથે થઈ રહેલા ચેડાં અંગે ભારે આક્રોશ વ્યક્ત કર્યો છે. આ સમગ્ર પ્રોજેક્ટની ઉચ્ચસ્તરીય તપાસ કરાવવાની, નબળું આયોજન કરનારા જવાબદાર અધિકારીઓ સામે કડક કાનૂની કાર્યવાહી કરવાની અને વરસાદી કાંસમાં રહેલી તકનીકી ખામીઓને તાત્કાલિક ધોરણે દૂર કરવાની માંગ ઉગ્ર બની છે. કરોડોના ખર્ચે બનેલા આ પ્રોજેક્ટની આવી ગંભીર ક્ષતિ સામે આવ્યા બાદ હવે વડોદરા મહાનગરપાલિકાનું તંત્ર જાગશે કે કેમ, અને નાગરિકોના હિતમાં શું પગલાં લેશે તેના પર સમગ્ર વડોદરાવાસીઓની નજર ટકેલી છે.

બાઇક સવાર બે યુવકો દબાયા, સામાન્ય ઈજા સાથે આબાદ બચાવ

# શહેરમાં ભારે પવનને કારણે અકસ્માત, ગોત્રી રોડ પર વીજ ડીપી ધરાશાયી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.13

ગોત્રી રોડ પર ભારે પવનના કારણે વીજ કંપનીની ડીપી ધરાશાયી થતા હૃદયકંપાવનારો અકસ્માત સર્જાયો હતો. તે સમયે ત્યાંથી પસાર થઈ રહેલા બાઈક સવાર બે યુવકો ભારેખમ લોખંડના માળખા નીચે દબાઈ ગયા હતા. સદનસીબે બંનેને સામાન્ય ઈજાઓ થતાં મોટી દુર્ઘટના ટળી હતી. રાત્રે અચાનક વાતાવરણ પલટાયું હતું અને સૂસવાટા મારતો ભારે પવન શરૂ થયો હતો. પવનના જોરના કારણે ગોત્રી રોડ પર આવેલી MGVCLની વીજ DP પત્તાના મહેલની જેમ રોડ પર ધરાશાયી થઈ હતી. બરાબર તે જ સમયે બાઈક પર જઈ રહેલા બે યુવકો તેની ઝપેટમાં આવી ગયા હતા. જેવી DP બાઈક પર પડી કે તુરંત જ સ્થાનિક દુકાનદારો અને રાહદારીઓ મદદે દોડી આવ્યા હતા. વીજ કરંટ લાગવાનો ભય હોવા છતાં



બંને યુવકો સલામત રીતે પોતાની જાતે જ બહાર નીકળી ગયા હતા. સામાન્ય ઈજાઓને કારણે બંને યુવકોને 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં MGVCL સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ચોમાસા પહેલાં કરવામાં આવતી પ્રી-મોન્સૂન કામગીરી માત્ર કાગળ પર જ થઈ રહી હોય તેવા આક્ષેપો થઈ રહ્યા છે. લોકમુખે ચર્ચા છે કે સામાન્ય ભારે પવનમાં જો આવી મસમોટી વીજ DPઓ ધરાશાયી થઈ જતી હોય, તો ચોમાસાની ઋતુમાં નાગરિકોની સુરક્ષાનું શું? DP ધરાશાયી થતાં થોડા સમય માટે રસ્તો બંધ થવાથી ટ્રાફિકજામ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો અને વીજ કંપનીના અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા. વીજ પ્રવાહ બંધ કરી, ક્રેનની મદદથી રોડ પરથી DP હટાવી ટ્રાફિક હળવો કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

પોલીસ ફરિયાદ નહીં કરવા ધમકીઓ આપી મારઝૂડ પણ કરી

# રૂ.૫ લાખની માગણી ન સંતોષાતા ત્રણ તલાક કહી પત્નીને છૂટાછેડા આપ્યા

**પરિણીતાનો** ગળેફાંસો ખાઈ આત્મહત્યાનો પ્રયાસ

(પ્રતિનિધિ) વડોદરા તા.13

કારેલીબાગ વિસ્તારમાં પરિણીતાને દહેજ માટે સતત શારીરિક માનસિક ત્રાસ આપીને હેરાનગતિ કરાતી હતી. સાસરીયાઓએ વારંવાર રૂપિયાની માંગણી કરી મારઝૂડ પણ કરતા હતા. અંતે ફોર વ્હીલર ખરીદવા માટે રૂ. 5 લાખ લાવવાનું દબાણ કરવામાં આવ્યું અને માંગણી ન સંતોષાતા પતિએ જાહેરમાં ત્રણવાર ‘તલાક’ બોલી છૂટાછેડા આપી દીધા હતા. અપમાન અને ત્રાસથી કંટાળેલી પરિણીતાએ આત્મહત્યાનો પ્રયાસ પણ કર્યો હતો.

ડિસેમ્બર-2025માં યુવતીના લગ્ન અતિકઅહેમદ ઉર્ફે સાહીલ શેખ સાથે થયા હતા. લગ્ન સમયે યુવતીના માતા-પિતાએ




એક્ટિવા, સોના-ચાંદીના દાગીના અને ઘરવખરી સહિતનો સામાન આપ્યો હતો. એક મહિના બાદ જ સસરાએ મકાનનો ઉપરનો માળ બનાવવા માટે પિયર પક્ષ પાસેથી રૂ. 2 લાખ લાવવાની માંગણી શરૂ કરી હતી. ત્યારબાદ ગર્ભાવસ્થા દરમિયાન સારવારના ખર્ચના બહાને રૂ. 50 હજારની પણ માંગણી કરવામાં આવી હોવાનું પણ જણાવ્યું છે. પરિણીતાના જણાવ્યા મુજબ થોડા સમય બાદ પતિએ ફોર વ્હીલર ખરીદવા માટે રૂ. 5 લાખ લાવવા દબાણ કર્યું હતું. યુવતીએ પોતાના માતા-પિતાની આર્થિક સ્થિતિ નબળી હોવાનું જણાવતાં પતિ તેમજ અન્ય સાસરીયાઓ ઉશ્કેરાઈ ગયા હતા અને તેને શારીરિક તથા માનસિક રીતે હેરાન કરવાનું શરૂ કર્યું હતું. અંતે તેને રાત્રિના સમયે પિયર મૂકી દેવામાં આવી હતી.

10 જૂને પતિએ ફોન પર ધમકી આપી હતી કે જો રૂપિયા નહીં લાવે તો છૂટાછેડા આપી દેશે. ત્યારબાદ ઈન્દિરાનગર વિસ્તારમાં બોલાવી ત્રણ વખત ‘તલાક’ બોલી છૂટાછેડા જાહેર કર્યા હતા અને તેની સાથે મારઝૂડ પણ કરી હતી. બીજા જ દિવસે સાસરી પક્ષના સભ્યો પરિણીતાના ઘરે પહોંચી પોલીસ ફરિયાદ નહીં કરવા માટે ધમકીઓ આપી ગાળો અને મારઝૂડ કરી હતી. સતતના ત્રાસ- અપમાનથી કંટાળેલી પરિણીતાએફાંસો ખાઈ આત્મહત્યાનો પ્રયાસ કર્યો પરંતુ પરિવારજનોની સતર્કતાના કારણે તેનો જીવ બચ્યો હતો.

અન્ય વેપારી પાસે સામાન લઈ નાણાં ના ચૂકવ્યા

# મોટા ઓર્ડરની લાલચે ઈલેક્ટ્રિક વેપારી ઠગાયા

**મહિલા સહિત** બે સામે છેતરપિંડીની ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરાના તરસાલી વિસ્તારમાં ઈલેક્ટ્રિક સામાન ખરીદવાના બહાને બે વેપારીઓને રૂ.36 હજારનો ચૂનો ચોપડવામા આવ્યો છે. આ અંગે મકરપુરા પોલીસ સ્ટેશનમાં પુરુષ અને મહીલા સામે ગુનો નોંધવામાં આવ્યો છે.

શહેરના તરસાલી વિસ્તારની વિશાલનગર સોસાયટીમાં રહેતા અને ‘હીર ઈલેક્ટ્રિક્સ’ નામની દુકાન ચલાવતા રમેશભાઈ પુખરાજ મહેતાની દુકાને ગત વર્ષે 7 ઓગસ્ટ, 2025ના રોજ એક પુરુષ અને મહિલા આવ્યા હતા અને તેમણે મોટી માત્રામાં સિલિંગ ફેન, ગિઝર, ટ્યુબલાઈટ અને વાયર ખરીદવાના હોવાનું કહી વેપારીનો વિશ્વાસ જીત્યો હતો. બીજા દિવસે તેઓ ફરી દુકાને આવ્યા અને તકનો લાભ લઈ દુકાનમાંથી આઠ સિલિંગ ફેન અને ચાર બ્લેડ સહિત આશરે રૂ.16 હજારનો માલ લઈ ગયા હતા, પરંતુ તેની રૂપિયાની ચૂકવણી કરી નહોતી. તપાસ દરમિયાન સામે આવ્યું કે આ જ મહિલા સહીકાર બે લોકોએ આશાપુરા ઈલેક્ટ્રિકલ્સ એન્ડ હાર્ડવેરના માલિક મહિપાલ દેવાસીની દુકાનમાંથી પણ ત્રણ ઈલેક્ટ્રિક ગિઝર અને એક પાણીની મોટર મળી આશરે રૂ.20 હજારનો સામાન લઈ રૂપિયા ચૂકવ્યા નહોતા. આ રીતે બંને વેપારીઓ સાથે રૂ. 36 હજારની છેતરપિંડી કરવામાં આવી હોવાનું બહાર આવતા મકરપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

# બાપોદના પોલીસ કર્મી. નિપુલ કહાર સામે એટ્રોસિટી દાખલ

વડોદરા:વડોદરા શહેરના બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એક પોલીસકર્મી સામે અનુસૂચિત જાતિના વ્યક્તિનું જાહેરમાં અપમાન કરવાના આરોપસર એટ્રોસિટીનો ગુનો નોંધાયો છે. પાદરા ના તાજપુરા રોડ ઉપર રહેતા પ્રવિણકુમાર ઉદેસીંગભાઈ પરમારે નોંધાવાયેલી ફરિયાદ મુજબ, તા. 15 મે 2026ના રોજ બપોરે બાપોદ પોલીસ સ્ટેશનના પ્રથમ માળે દાદરા પાસે આરોપી નિપુલ રમણ કહારે તેમના સમાજના લોકોની હાજરીમાં તેમની જાતિ અંગે અપમાનજનક શબ્દો બોલી માનહાનિ કરી હતી. આ મામલે 12 જૂન 2026ના રોજ બાપોદ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ 352 તેમજ એટ્રોસિટી અધિનિયમની કલમ 3(1)(R) અને 3(1)(S) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. ઘટનાની વધુ તપાસ એસીપી સી.બી. સોલંકી એસસી એસટી સેલ દ્વારા હાથ ધરવામાં આવી છે.

મને ઘરે જવા દો અથવા છૂટાછેડા અપાવો’

# પતિના ત્રાસથી ત્રસ્ત પત્નીએ અભયમ પાસે મદદ માગી

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરામા પતિ દ્વારા સતત અપશબ્દો, માનસિક ત્રાસથી કંટાળેલી મહિલાએ અભયમ મહિલા હેલ્પલાઈનની મદદ માગતા આખરે દંપતી વચ્ચે સમાધાન કરાવવામાં આવ્યું હતું. અભયમ ટીમે બંને પક્ષની વાત સાંભળી કાયદાકીય માર્ગદર્શન અને જરૂરી સમજણ આપતા હાલ હ મામલો થાળે પડ્યો હતો. મળતી માહિતી મુજબ, વડોદરાના એક વિસ્તારમાં રહેતી અને મૂળ ઉત્તર પ્રદેશની રહેવાસી મહિલાએ અભયમ હેલ્પલાઈન પર કોલ કરી જણાવ્યું હતું કે તે અને તેના પતિ છેલ્લા છ વર્ષથી રોજગાર માટે વડોદરામાં રહે છે. દંપતીને એક પુત્ર પણ છે. મહિલાનો આક્ષેપ હતો કે પતિ રોજબરોજ અપશબ્દો બોલે છે, જમવાનું અને ટિફિન બાબતે ઝઘડો કરે છે તેમજ ઘણી વખત મારઝૂડ પણ કરે છે. ઉપરાંત, પતિ તેને ઘર બહાર જવા દેતા નથી અને ‘તું પાગલ છે, તારે સારવારની જરૂર છે’ કહી માનસિક રીતે હેરાન કરે છે. મહિલાએ અભયમ ટીમને જણાવ્યું કે ઘરમાં સતત બંધ રહેવાને કારણે તેને ઘૂંટન અનુભવાય છે અને હવે તે પોતાના વતન ઉત્તર પ્રદેશ પરત જવા અથવા છૂટાછેડા લેવા માંગે છે. જોકે, પતિ તેને વતન જવા પણ દેતા નથી. ઘટનાની જાણ થતાં અભયમ ટીમે પતિ-પત્ની બંને સાથે ચર્ચા કરી હતી. પતિએ પોતાની સ્પષ્ટતામાં જણાવ્યું હતું કે પત્નીને બહારના કામકાજ અને ખરીદી અંગે પૂરતી સમજ ન હોવાથી તે એકલી બહાર ન જાય તે માટે રોકટોક કરે છે. ટીમે પતિને પત્ની સાથે સન્માનજનક વર્તન રાખવા, અપશબ્દો ન બોલવા અને તેને ઘરની બહાર સામાજિક રીતે સક્રિય રહેવા દેવા અંગે સમજ આપી હતી. સાથે જ મહિલાને પણ પરિવાર અને ઘરગથ્થુ જવાબદારીઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો પણ આક્ષેપ

# માંજલપુરમા સાવકા પિતાએ દીકરીને હવસનો શિકાર બનાવી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૩

વડોદરાના માંજલપુર વિસ્તારમાં સાવકા પિતાએ પોતાની સગીર દીકરી સાથે શારીરિક અડપલાં કર્યા હોવાની ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવતા ચકચાર મચી ગઈ છે. માતા નોકરી પર જતી હોવાથી ઘરમાં એકલા રહેતા સાવકા પિતાએ સગીરાની એકલતાનો લાભ લઈ તેની સાથે અશ્લીલ હરકતો કરી હતી.

સતત ત્રાસથી કંટાળી ગયેલી સગીરાએ આખરે પોતાની માતાને સમગ્ર હકીકત જણાવતા મામલો પોલીસ સુધી પહોંચ્યો છે. માંજલપુર વિસ્તારમાં રહેતી એક મહિલા પોતાની સગીર દીકરી તથા બીજા પતિ સાથે ભાડાના મકાનમાં રહે છે. સગીરા મહિલાના અગાઉના લગ્નજીવનની દીકરી હોવાનું જાણવા મળ્યું છે. મહિલા નોકરી માટે બહાર જતી હોવાથી સગીરા અને તેનો સાવકો



પિતા ઘરમાં એકલા રહેતા હતા. આ દરમિયાન સાવકા પિતાની દાનત બગડતાં તેણે સગીરાની એકાંતનો લાભ લઈ તેની સાથે બળજબરીપૂર્વક શારીરિક અડપલાં કરવાનું શરૂ કર્યું હતું. આરોપીએ સગીરાને આ અંગે કોઈને જાણ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. વારંવારની છેડછાડ અને માનસિક ત્રાસથી કંટાળી ગયેલી સગીરાએ આખરે પોતાની માતાને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. દીકરી પાસેથી હકીકત સાંભળતાં માતાના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી.

ભાડૂઆત બન્યો ‘ભરોસાનો ભક્ષક’!

# પ્લોટ અને ટેન્ડરના નામે રૂા. ૩૮ લાખ પડાવ્યા, મહિલા સહિત બે આરોપી ફરાર

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૩

વડોદરામાં એક ભાડૂઆતે પોતાના મકાનમાલિક અને તેમના પડોશી પરિવારને જ નિશાન બનાવી કરોડપતિ બનવાના સપના બતાવી રૂ.38.64 લાખથી વધુની છેતરપિંડી આચરી છે. પ્લોટમાં મોટો નફો અને સોલાર પેનલના ટેન્ડર અપાવવાના બહાને લાખો રૂપિયા પડાવી લીધા બાદ આરોપી દંપતી રાતોરાત ગાયબ થઈ જતાં ભોગ બનનાર પરિવારોને ભારે આર્થિક ફટકો પડ્યો છે અને તેઓએ પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા છે.

વડોદરાના ઉંડેરા રોડ પર આવેલી કૃષ્ણદીપ સોસાયટીમાં રહેતા અને રીલાયન્સ કંપનીના ફાયર વિભાગમાં ફરજ બજાવતા બકુલભાઈ હીરાભાઈ રાઠવા માટે તેમના જ ભાડૂઆત વિજયભાઈ કસુભાઈ ડામોર પરનો વિશ્વાસ ભારે મોંઘો સાબિત થયો છે. રિયલ એસ્ટેટના ધંધા સાથે સંકળાયેલા વિજય ડામોરે મૈત્રીપૂર્ણ સંબંધોનો લાભ લઈ બકુલભાઈને ભાયલી વિસ્તારમાં સસ્તા ભાવે પ્લોટ અપાવવાનો પ્રસ્તાવ આપ્યો હતો. વિજયે ભાયલી ખાતે પ્લોટ બતાવી તેને ભવિષ્યમાં ભારે નફાકારક રોકાણ ગણાવ્યું હતું.

વાતોમાં આવી બકુલભાઈએ પ્લોટ ખરીદવા સંમતિ આપી હતી. ત્યારબાદ રોકડ, ચેક અને ઓનલાઈન ટ્રાન્ઝેક્શન મારફતે વિવિધ હપ્તાઓમાં રૂ.34.52 લાખ ચૂકવ્યા હતા. જોકે, સમય પસાર થવા છતાં પ્લોટના દસ્તાવેજો મળ્યા ન હતા અને તપાસ કરતાં આખો સોદો શંકાસ્પદ હોવાનું સામે આવ્યું હતું. તપાસમાં બહાર આવ્યું કે પ્લોટના માલિક તરીકે રજૂ કરાયેલા વ્યક્તિ પણ વિજયનો જ નજીકનો સગો હતો.

બીજી તરફ, આરોપીએ પડોશમાં રહેતા રમેશભાઈ રાઠવા અને તેમના પુત્ર કુલદીપને સોલાર પેનલના ટેન્ડર અપાવવાની લાલચ આપી તેમની પાસેથી પણ રૂ.4.12 લાખથી વધુની રકમ પડાવી લીધી હતી. ઉપરાંત કુલદીપ પાસેથી રૂ.82 હજારથી વધુ કિંમતનું એપલ લેપટોપ લઈ પરત ન કર્યું ન હતુ.

આ રીતે વિજય ડામોર અને તેની પત્ની વૈભવીબેન પારગીએ મળીને રૂ. 38.64 લાખથી વધુની છેતરપિંડી આચરી હોવાનું બહાર આવ્યું છે. નાણાં અને લેપટોપ પરત ન કરી આરોપી દંપતી ફરાર થઈ જતાં ભોગ બનનાર પરિવારે પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા છે.

પૈસા ચૂકવ્યા વગર બે શખ્સો ભાગી છૂટ્યા

# ડભોઈ રોડ પર કપાસિયા તેલના ૩ ડબ્બા લઈ બે શખસ છૂમંતર થયા

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૩

વડોદરા શહેરના ડભોઈ રોડ વિસ્તારમાં આવેલી કરિયાણાની દુકાનમાં બે શખ્સોએ તેલ ખરીદવાના બહાને વેપારીનો વિશ્વાસ જીતી રૂ.6,300 કિંમતના કપાસિયા તેલના ત્રણ ડબ્બા લઈ પૈસા ચૂકવ્યા વગર ફરાર થઈ ગયા હતા.વેપારીએ કપુરાઈ પોલીસ સ્ટેશનમાં બંન્ને શખ્સ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી છે. કપુરાઈ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ મૂળ રાજસ્થાનના પાલી જિલ્લાના સારંગવાસ ગામના અને હાલ ડભોઈ રોડ પર સિદ્ધેશ્વર હેપ્પીનેશ ખાતે રહેતા નાથારામ ઓગડરામ ચૌધરી (ઉં.વ. 29) વેપાર ધંધો કરે છે. તેઓ ગોકુળ સુપરમાર્કેટ, કાન્હા હાઈટ્સ-2 કોમ્પ્લેક્ષમાં આવેલી પોતાની દુકાનમાં હાજર હતા ત્યારે બે શખ્સો ત્યાં આવ્યા હતા. આરોપીઓએ કપાસિયા તેલના 15



લીટરના ત્રણ ડબ્બા ખરીદવાની ઈચ્છા દર્શાવી વેપારીનો વિશ્વાસ જીત્યો હતો. ત્યારબાદ તેલના ડબ્બા પોતાની એક્ટીવા પર મૂકી આવવાનું કહી વેપારી પાસેથી માલ લઈ લીધો હતો. જોકે, તેઓ પૈસા ચૂકવ્યા વગર જ એક્ટીવા પર ફરાર થઈ ગયા હતા. આ બનાવમાં વેપારીને રૂ.6,300નું નુકસાન થયું હતું. ઘટનાની ફરિયાદના આધારે કપુરાઈ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# ગોરવા હરીનગરની યુવતીએ નવાયાર્ડ જઈ ફિનાઈલ પીધું

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૩

ગોરવાના હરીનગરમાં રહેતી ૨૩ વર્ષીય વર્ષાબેન પરમાર ગત રાત્રે આશરે ૧૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે હાજર હતી. આ દરમિયાન કોઈક કારણસર તેને મનમાં લાગી આવ્યું હતું. આવેશમાં આવીને યુવતી પોતાના ઘરેથી નીકળી નવાયાર્ડની નવી રામવાડી ખાતે પહોંચી હતી, જ્યાં તેણે ફિનાઈલના ઘૂંટડા ભરી લીધા હતા. ઘટનાને પગલે યુવતીને તાત્કાલિક સયાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. જ્યાં ફરજ પરના તબીબોએ તાત્કાલિક સારવાર શરૂ કરી દીધી હતી. હાલમાં યુવતીની તબિયત સુધારા પર હોવાનું તબીબી સૂત્રોએ જણાવ્યું છે. બીજી તરફ, ઘટનાની જાણ થતાં જ ફતેગંજ પોલીસ સ્ટેશનનો સ્ટાફ હોસ્પિટલ દોડી ગયો હતો. યુવતીએ કયા કારણોસર આ આત્મઘાતી પગલું ભર્યું તે અંગે પોલીસે પરિવારજનોની પૂછપરછ સાથે આગળની તપાસ હાથ ધરી છે.

યુવક પર ડ્રગ માફિયાએ ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યુ હતુ

# કુંભારવાડા વિસ્તારના ફાયરિંગ કેસમાં ચાર આરોપીના બે દિવસના રિમાન્ડ મંજૂર

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૩

વડોદરાના કુંભારવાડા વિસ્તારમાં મહાકાળી મંદિર પાછળ જૂની અદાવતના કારણે યુવકને જાનથી મારી નાખવાના ઈરાદે કરવામાં આવેલા ફાયરિંગ કેસમાં પોલીસે ઝડપી કાર્યવાહી કરી ચાર આરોપીઓને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડ્યા હતા. આ કેસમાં આજે તમામ આરોપીઓને કોર્ટમાં રજૂ કરવામાં આવતા કોર્ટે બે દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ, કુંભારવાડા વિસ્તારમાં મહાકાળી મંદિર પાછળ યુવક પર ચાર રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી કુંભારવાડા પોલીસ સ્ટેશનના પીઆઈ એ.જે. પાંડવના માર્ગદર્શન હેઠળ પોલીસે તપાસ હાથ ધરી હતી. પોલીસે સુફીયાન ઉર્ફે અલ્લા અલ્લા શેખ, વહાબ ઉર્ફે ખાટકી શેખ, સોયેલ ઉર્ફે બોટલ બેલીમ અને મોહસીન ઉર્ફે બટન પઠાણની ધરપકડ કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી બે પિસ્તોલ, એક જીવતો કારતુસ, બે ફૂટેલા કારતુસ, પાંચ તલવારો અને બે ચપ્પા સહિતનો મુદ્દામાલ કબજે કર્યો હતો. આરોપીઓની વધુ પૂછપરછ તેમજ હથિયારોના સ્ત્રોત અને ઘટનામાં અન્ય કોઈની સંડોવણી અંગે તપાસ કરવા માટે પોલીસે ચારેય આરોપીઓને કોર્ટમાં રજૂ કરી



## એમજીવીસીએલની મોટી કાર્યવાહી

એમજીવીસીએલની ટીમો દ્વારા પણ જુદી જુદી ટીમો બનાવી આ વિસ્તારમાં ગેરકાયદેસર જોડાણો કટ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસના બંદોબસ્તને સાથે રાખીને કરવામાં આવેલી આ કાર્ય દરમિયાન માંડવી સબ ડિવિઝનમાં આવતા વિસ્તારોમાં મોટી માત્રામાં ગેરકાયદેસર વીજ જોડાણો કટ કરી વીજ ચોરી પકડી પાડવામાં આવી હતી.

સાત દિવસના પોલીસ રિમાન્ડની માંગણી કરી હતી. જોકે, બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે ચારેય આરોપીઓના બે દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. હવે રિમાન્ડ દરમિયાન પોલીસે ફાયરિંગ પાછળના ચોક્કસ કારણો, હથિયારો ક્યાંથી મેળવવામાં આવ્યા અને ઘટનામાં અન્ય કોઈ વ્યક્તિની ભૂમિકા છે કે નહીં તે અંગે વધુ તપાસ હાથ ધરશે.

અંકલેશ્વરથી સયાજી હોસ્પિટલમાં દાખલ કરાયા

# કેદીને ગળામાં અસહ્ય દુખાવો ઉપડતાં વડોદરા રીફર કરાયા

(પ્રતિનિધિ), વડોદરા. તા.13

અંકલેશ્વર સબ જેલમાં સજા કાપી રહેલા એક કેદીની તબિયત અચાનક લથડતાં તેને તાકીદે વધુ સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હોવાનો મામલો સામે આવ્યો છે. જેલ પ્રશાસન દ્વારા કેદીની સુરક્ષા અને સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને તાત્કાલિક હોસ્પિટલ ભેગા કરવાની તજવીજ હાથ ધરવામાં આવી હતી. મળતી વિગતો અનુસાર, અંકલેશ્વરની સબ જેલમાં સજા ભોગવી રહેલા ૩૭ વર્ષીય કેદી અલ્પેશ નરેશભાઈ સુરતીને છેલ્લા કેટલાક સમયથી ગળાના ભાગે અસહ્ય તકલીફ થઈ રહી હતી.

કેદીને ગળામાં સતત સોજો રહેતો હતો અને તેની સાથે ગળવામાં કે બોલવામાં ભારે દુખાવો થતો હોવાની ફરિયાદ ઉઠી હતી. જેલના તબીબો દ્વારા પ્રાથમિક તપાસ કરાયા બાદ આ રોગના સચોટ નિદાન અને ઊંડાણપૂર્વકની સારવારની જરૂરિયાત જણાઈ હતી.

ગળાની આ ગંભીર પીડાને કારણે કેદીની હાલત વધુ ન બગડે તે માટે અંકલેશ્વર જેલ સત્તાધીશો દ્વારા તેને વડોદરાની સયાજી હોસ્પિટલ ખાતે રીફર કરવાનો નિર્ણય લેવાયો હતો. કેદી અલ્પેશ સુરતીને ચુસ્ત પોલીસ જાપતા હેઠળ વડોદરા લાવી સયાજી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

અહીં ઈ.એન.ટી. વિભાગના નિષ્ણાત તબીબો દ્વારા કેદીના ગળાના સોજાનું ચોક્કસ કારણ જાણવા માટે જરૂરી એક્સ-રે, બ્લડ ટેસ્ટ સહિતના તબીબી પરીક્ષણો શરૂ કરવામાં આવ્યા છે. હાલમાં કેદી ડોક્ટરોની દેખરેખ હેઠળ સારવાર હેઠળ છે.

અટલ બ્રિજ પાસેથી પીસીબીએ દારૂ ભરેલી કાર પકડી

# હરિયાણાથી કારમા રૂપિયા ૪.૬૭ લાખનો દારૂ ભરી લાવનાર કુખ્યાત બુટલેગર ઝડપાયો

**દારૂ, કાર** અને મોબાઇલ સહિત રૂ.15.07 લાખનો મુદ્દામાલ જપ્ત

વડોદરા : હરિયાણાથી કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી લાવનાર બુટલેગરને પીસીબીની ટીમે ઝડપી પાડયો છે. પોલીસે આરોપી પાસેથી 368 બોટલ વિદેશી દારૂ, કાર અને મોબાઈલ સહિત રૂ.15.07 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. PCB પોલીસની ટીમ વિસ્તારમા પેટ્રોલિંગમા ફરી રહી હતી તે દરમિયાન બાતમી મળી હતી કે રાવપુરા વિસ્તારનો શાહરૂખ શેખ કારમાં દારૂનો જથ્થો લઈને અટલ બ્રિજ નીચે આવેલા આંબેડકર સર્કલ પાસેથી પસાર થવાનો છે. બાતમીના આધારે PCBની ટીમે અકોટા પોલીસ સ્ટેશન વિસ્તારમાં વોચ ગોઠવી હતી. દરમિયાન બાતમી મુજબની કાર આવતા



તેને રોકી તપાસ કરતાં કારમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કાર ચાલક અને બુટલેગર શાહરૂખ જફર શેખ ( રહે. મહંમદ મંઝિલ, સરદાર ભુવનનો ખાંચો, રાવપુરા રોડ)ને સ્થળ પરથી ઝડપી પાડ્યો હતો. આરોપી સામે અગાઉ પ્રોહિબિશન તેમજ અન્ય 17 ગુનાઓ નોંધાયેલા છે. ઉપરાંત તેની સામે ત્રણ વખત પાસા હેઠળ અટકાયતના હુકમો પણ જારી કરવામાં આવ્યા હતા. પોલીસે આરોપી પાસેથી રૂ.4.67 લાખનો વિદેશી દારૂ, રૂ.10 લાખની કાર અને રૂ.40 હજારનો મોબાઈલ મળી રૂ.15.07 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. સમગ્ર મામલે અકોટા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.